Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

**Shree Atmanand Prakash**



**श्री आत्मानंद प्रकाश**

उपास्तिः परमेशस्य तदाज्ञापालन खलु ।
तदाज्ञापालनं नाम सम्यक्चारित्र पालनम् ।।

ભગવાનની ભક્તિ યા ઉપાસના વસ્તુતઃ એની આજ્ઞાના પાલનમાં રહેલી છે
અને એની આજ્ઞાનું પાલન સમ્યક્ચારિત્રના પાલનમાં છે.

The worship of God is, in reality, the execution of His orders; and the execution of His orders is the observance of right conduct.


| | | |
|---|---|---|
| પુસ્તક : ૯૨ | વૈશાખ-જેઠ | આત્મ સંવત : ૯૯ |
| 卐 | 卐 | વીર સંવત : ૨૫૨૧ |
| અંક : ૭-૮ | મે-જુન : ૯૫ | વિક્રમ સંવત : ૨૦૫૧ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | શ્રી શત્રુંજયના એકવીસ નામ (કાવ્ય) | — | ૩૩ |
| ૨. | શ્રીમદ્ રાજચંદ્ર (ટુંકી જીવન ઝરમર) | — | ૩૪ |
| ૩. | પ્રેમનું પરિબળ | (સ્વ.) મનસુખલાલ તારાચંદ મહેતા | ૩૬ |
| ૪. | ભાવનગરના આંગણે શ્રી વર્ષિતપના પારણાની એક ઝલક | સંકલન : શ્રી ચીમનલાલ વર્ધમાન | ૪૦ |
| ૫. | કર્મરાજાની કરામત | સંકલન : શ્રી કે. આર. સલોત | ૪૧ |
| ૬. | હિન્દી વિભાગ | | |


## આ સભાના નવા આજીવન સભ્યશ્રીઓ

૧. શ્રી હર્ષ હસમુખરાય સંઘવી — ભાવનગર

૨. શ્રી સુરેન્દ્રકુમાર હીરાલાલ શાહ — ભાવનગર

## કેટલો સુંદર જવાબ

પૂ. ગાંધીજી નિયમિત રીતે સવારમાં ફરવા જતા.
ફરતા ફરતા સામે મળેલી એક વ્યક્તિએ ફરવા વિષે પૂછતાં
ગાંધીજીએ જવાબ આપ્યો....

"ફરવું એ બ્રહ્મચર્યના પાલનનો એક અંશ છે. માણસને આખો દિવસ કામ કરવા માટે જે શક્તિ કુદરત તરફથી મળે છે તે તેણે સુવાના સમય પહેલા ખર્ચી નાખવી જોઈએ....અને આ એક અપરિગ્રહનું લક્ષણ છે શક્તિ જો શ્રદ્ધાપૂર્વક પૂરેપૂરી વાપરી નાખવામાં ન આવે તો તે વિકારનું સ્વરૂપ ધારણ કરે છે. રોજેરોજ જોઈતી શક્તિ મળે છે તો આજની શક્તિ કાલ માટે શા સારૂ સાચવવી? તમારી શારીરિક શક્તિને સખત મહેનતથી પરસેવામાં પલટી નાખો તો રાત્રે ઉંઘ પણ સારી આવે, વિકારનો સંભવ ઓછો રહે અને અપરિગ્રહ તથા બ્રહ્મચર્યનું પાલન થાય...."

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ


## શ્રી શત્રુંજયના એકવીસ નામ

( રાગ : રામશ્રી * દેશી : નયરી દ્વારામતી )

શત્રુંજય ને શ્રી પુંડરીક, સિદ્ધક્ષેત્ર કહું તહનીક;
વિમલાચલને કરૂં પ્રણામ, એ શત્રુંજયના એકવીસ નામ. ૧

સુરગિરિ, મહાગિરિ ને પુણ્યરાસિ, શ્રીપદ, પર્વત, ઈંદ્ર, પ્રકાશ;
મહાતીરથ પૂરવે સુખકામ, એ શત્રુંજયના એકવીસ નામ. ૨

શાશ્વત પર્વત ને દૃઢશક્તિ, મુક્તિ નિલો તિણ કિજે ભક્તિ;
પુણ્યવંત મહાપદ્મ સુકામ, એ શત્રુંજયનાં એકવીસ નામ. ૩

પૃથ્વીપીઠ સુભદ્ર કૈલાસ, પાતાલ મૂલ અકર્મક તાસ;
સર્વકામ કીજે ગુણગ્રામ, એ શત્રુંજયના એકવીસ નામ. ૪

શત્રુંજયનાં એકવીસ નામ, જપે જો બૈઠા અપને કામ,
શત્રુંજય યાત્રાનું ફલ લહે, મહાવીર ભગવંત હમ કહે;
વિમલાચલને કરું પ્રણામ, એ શત્રુંજયના એકવીસ નામ. ૫



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રીમદ્ રાજચંદ્ર

## ટુંકી જીવન ઝરમર

卐

શ્રીમદ્ રાજચંદ્રનો જન્મ સંવત ૧૯૨૪ના કાર્તિક સુદ ૧૫ના શુભ દિને વવાણીયામાં થયેલો. પિતાનું નામ રવજીભાઇ અને માતાનું નામ દેવબા હતું. તેમના દાદા શ્રીકૃષ્ણના ભક્ત હતા. સાત વર્ષની ઉંમરે શ્રીમદ્‌ને જાતીસ્મરણ જ્ઞાન થયું હતું અને આઠ વર્ષની ઉંમરમાં રામાયણ તથા મહાભારતની પદ્યમાં ૫૦૦૦ કડીઓ તેમણે રચી હતી એમ કહેવાય છે. દશમા વર્ષે છટાદાર રસપ્રચુર ભાષણો ઘણા વિષયો ઉપર આપેલા હતા.

શ્રીમદ્‌ને ન્યાયાધીશ શ્રી ધારશીભાઇ તથા હેમરાજભાઇ મળવા આવવાના હતા, પણ તેની તેમને કે બીજા કોઇને અગાઉથી ખબર આપી ન હતી, છતાં શ્રીમદ્ તેમને સામા લેવા ગયા અને નામ દઇ બોલાવ્યા; તેથી તેઓને આશ્ચર્ય થયું. અમારૂં નામ તથા આવવાના છીએ તે આપે શાથી જાણ્યું તેમ પુછતાં તેમણે કહેલું કે "આત્માની અનંત શક્તિ છે" તે વડે અમે જાણ્યું છે. શ્રીમદ્‌ને કાશી વધુ અભ્યાસ માટે મોકલવાની તેઓની ઇચ્છા હતી, પણ આવા અજબ શક્તિવાળા નિર્મળ આત્માને ભણવા મોકલવાની જરૂર ન લાગી; અને વાર્તાચિત કરતાં શ્રીમદ્ તેમને મહાપુરૂષ લાગ્યા. શ્રીમદ્‌ની સ્મરણશક્તિ અદ્‌ભૂત હતી: સંવત ૧૯૪૩માં મુંબઇમાં શતાવધાન-૧૦૦ અવધાન કરેલા, તે વખતે મુંબઇના હાઇકોર્ટના ન્યાયમૂર્તિ સર ચાર્લ્સ સારજને અવધાનોથી આશ્ચર્ય પામી યુરોપ લઇ જવા માટે કહેલું. પરંતુ અવધાનથી ખૂબ માન-મરતબો મળવો તે તેમને આત્મિક ઉન્નતિમાં અંતરાયરૂપ લાગ્યું, તેથી વીસ ( ૨૦ ) વર્ષની વય પછી અવધાન કરવાનું એકદમ બંધ કરી દીધું.

શ્રીમદ્ સ્થાનકવાસી જૈન હતા. પણ તેમને પ્રતિમા ઉપર શ્રદ્ધા હતી, અને આલંબન માટે પ્રતિમા જરૂરી માનતા હતા. સંવત ૧૯૪૪ના મહા સુદ ૧૨ના રોજ તેઓશ્રીના ઝવેરી રેવાશંકર જગજીવનદાસના મોટાભાઇ પોપટભાઇની સુપુત્રી શ્રી ઝબકબાઇ સાથે લગ્ન થયેલા પરંતુ લગ્ન પછી એક વર્ષ બાદ તેઓ લખે છે કે "સ્ત્રી એ સંસારનું સર્વોત્તમ સુખ માત્ર આવરણીક દ્રષ્ટિથી કલ્પાયું છે." જે જે પદાર્થે જુગુપ્સા રહી છે તે તે પદાર્થ તેના શરીરમાં રહ્યા છે, અને તેથી જ તે જન્મભૂમીકા છે. વળી તે સુખ ક્ષણિક, ખેદ, અને ખસના દર્દ રૂપ જ છે.

શ્રીમદ્ ઝવેરી રેવાશંકર જગજીવનદાસની પેઢીમાં ભાગીદાર હતા. તે વખતે એક વેપારી સાથે હીરાના સોદા કર્યા અને અમુક સમયે હીરા પાછા આપવાનો તેઓએ ખતપત્ર પણ શ્રીમદ્‌ને લખી આપ્યો. પરંતુ સમય પાકતાં હીરાની કિંમત પણ ઘણી વધી ગઇ, તેથી જો હીરા આપે તો વેપારીને બહુ મોટું નુકશાન જાય તેમ હતું. તેથી શ્રીમદ્ વેપારીને ત્યાં ગયા. વેપારી તેમને જોઇ ખૂબ ચિંતામાં પડ્યો. ચિંતાનું કારણ આ આપણું કાગળીયું છે, માટે શ્રીમદે તે દસ્તાવેજ તેમની રૂબરૂ ફાડી નાંખી કહ્યું કે આ ખતપત્ર પ્રમાણે તમારે મને ૬૦-૭૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હજાર આપવાના થાય, પણ હું તમારી સ્થિતિ સમજી શકું છું. "રાયચંદ દૂધ પી શકે છે, લોહી નહી" આવી તેમની કરૂણાદષ્ટિ હતી. શ્રીમદ્ ઝવેરાતનો ધંધો કરતા હતા, પણ ફુરસદના સમયે ધર્મગ્રંથો પાસે રાખી વાંચતા અને નોંધપોથીમાં વિચારો નોંધતા હતા

મહાત્મા ગાંધીજી વિલાયતથી દેશમાં આવ્યા ત્યારે મહાત્માજી લખે છે કે "તે વેળા હું ભિખારી બેરિસ્ટર હતો. પણ જ્યારે હું શ્રીમદ્‌ની દુકાને પહોંચ્યો ત્યારે મારી સાથે ધર્મવાતો સિવાય બીજી કોઇ વાતો કરતા ન હતા. હું ઘણા ધર્માચાર્યોના પરિચયમાં આવ્યો છું, પણ જે છાપ મારા ઉપર શ્રી રાયચંદભાઇએ પાડી છે તે બીજા કોઇ પાડી શકયા નથી ખૂન કરનાર ઉપર પણ પ્રેમ કરવો એ દયાધર્મ મને તેમણે શીખવ્યો છે, એ ધર્મનું તેમની પાસેથી મેં કુંડા ભરી પાન કર્યું છે"

શ્રીમદે ૧૬ વર્ષ અગાઉ મોક્ષમાર્ગ તથા ભાવનાબોધ નામના અપૂર્વ ગ્રંથ લખ્યા છે તેમ જ ઘણા સાધકો પોતાની આત્મિક મુંઝવણ પુછાવતાં તેના તેઓ જવાબ આપતા હતા, જે **શ્રીમદ્ રાજચંદ્ર** નામના ગ્રંથમાં લગભગ એક હજાર છપાયાં છે. (આ ગ્રંથ શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ-અગાસમાંથી મળી શકે છે.) સ્વ. સાક્ષર આનંદશંકર બાપુભાઇ ધ્રુવે તેમના ભાષણમાં જણાવ્યું છે કે ગુજરાતના જાહેર-જીવનમાં મારૂં જે અલ્પસ્થાન છે તે લક્ષમાં લઇ અને મારે શિરે જે જવાબદારી રહેલી છે તેનો વિચાર કરી મારે કહેવું જોઇએ કે શ્રીમદ્ રાજચંદ્ર ગ્રંથને એક આદર્શ રૂપે રાખવામાં આવે તો તેના ઉપાસકને અત્યંત લાભ થયા વગર રહેશે નહી. એ ગ્રંથમાં તત્વજ્ઞાનના ઝરણાં વહ્યા કરે છે. એ ગ્રંથ કોઇ ધર્મનો વિરોધી નથી, કારણ કે તેની શૈલી બહુ ગંભીર પ્રકારની છે. હું આ ગ્રંથ વાંચવાની અને વિચારવાની સહુને વિનંતી કરૂં છું.

સંવત ૧૯૫૨ ના આસો વદ ૧ ના રોજ નડિયાદ મુકામે શ્રીમદે આત્મસિદ્ધિશાસ્ત્રની ૧૪૨ કડીઓ બે કલાકમાં રચી હતી. તેના માટે વિદ્વાન પંડિત શ્રી સુખલાલજી લખે છે કે "જે ઉંમરે અને જેટલા ટૂંક સમયમાં શ્રીમદે આત્મસિદ્ધિમાં પોતે પચાવેલું જ્ઞાન ગુંથ્યું છે, તેનો વિચાર કરું છું ત્યારે મારુ મસ્તક ભક્તિ-ભાવે નમી પડે છે; એટલું જ નહીં પણ મને લાગે છે કે તેમણે આધ્યાત્મિક મુમુક્ષુઓને આપેલી આ ભેટ એ તે સેંકડો વિદ્વાનોએ આપેલી સાહિત્યક ગ્રંથરાશીની ભેટ કરતાં વિશેષ મૂલ્યવંતી છે."

જૈન, જૈનેતર, આત્મવિષયક મહત્વપૂર્ણ ગ્રંથ સાથે સરખામણી કરતાં અનાયાસે કહેવાય જાય છે કે પ્રસ્તુત આત્મસિદ્ધિ એ સાચે જ આત્મોપનિષદ્ છે. જૈન મુમુક્ષુઓ માટે તે ગીતાની ગરજ સારે તેવું છે.

શ્રીમદ્ નિવૃત્તિ અર્થે ઇડર, વડવા, કાવિઠા, રાળજ, આણંદ, નડિયાદ, મોરબી, રાજકોટ, સાયલા, અમદાવાદ, નરોડા વિગેરે સ્થળે ઘણી વખતે જતા હતા, અને ધંધામાં જાણવા પ્રમાણે લાખ રૂપિયા ઉપરની રકમ તેમના નામે જમા હતી તે તમામ પોતાના પિતા, પુત્ર તથા પત્ની હયાત હોવા છતાં, તેમના લઘુબંધુ શ્રી મનસુખ-ભાઇને આપી ધંધામાંથી નિવૃત થયા હતા. એથી ધંધો ઋણ ચુકવવા કર્યો હોય તેમ અનુમાન થાય છે. શ્રીમદ્‌ની દિક્ષા લેવાની ભાવના હતી, પરંતુ નાદુરસ્ત તબિયતના અંગે લઇ શકેલા નહીં. સંવત ૧૯૫૭ ના ચૈત્ર વદ ૫ ના રોજ ૩૩ વર્ષની ઉંમરે રાજકોટ સ્વર્ગવાસી થયેલા જ્યાં હાલ તેમની સમાધિ છે તેમના સુપુત્રી શ્રી જવલબહેન હયાત છે, અને મોટોભાગ વવાણીયા-મોરબી પાસે રહે છે. શ્રીમદ્‌ના નામથી અગાસ વડવા, વવાણીયા, ઇડર, ઉત્તરસંડા નાર, કાવિઠા, ભાદરણ, સુનાર, સીમરડા, ધામણી

( અનુસંધાન પેજ ૪૦ ઉપર )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પ્રેમનું પરિબળ



લે. (સ્વ.) મનસુખલાલ તારાચંદ મહેતા

ઘણાં વર્ષો અગાઉની આ વાત છે.

એ સમયે ચૈત્યવાસીઓ સાધુ-મુનિનાં કપડાં પહેરતા, દેરાસરમાં રહેતા, દ્રવ્ય રાખતા અને મુનિજીવનના વ્રતથી નિરપેક્ષ રહેતા. મુનિ સંપૂર્ણાનંદ પણ આવા એક સાધુ હતા અને વારાણસી નગરીના એક જૈન મંદિરમાં ચોમાસુ રહ્યા હતા.

સંપૂર્ણાનંદ યુવાન અને ભારે તેજસ્વી હતા તેમજ જ્ઞાન અને બ્રહ્મચર્યના તેજથી દીપતા હતા. શહેરના અનેક સ્ત્રી પુરુષો તેમની પાસે આવતા. વારાણસીના રાજાના વયોવૃદ્ધ પ્રધાન-મંત્રી સુબાહુ પણ આ મુનિને વાંદવા અવાર-નવાર આવતા.

વૃક્ષ પરનાં પાકાં ફળો પર પંખીઓની નજર અવશ્ય પડે છે, તેમ સંપૂર્ણાનંદ પર શહેરની એક રાજનર્તકીની નજર પડી. બપોરના સમયે ધર્માલાપ કરવાના બહાને તે સાધુ પાસે આવવા લાગી. પછી તો બંને વચ્ચેનો પરિચય વધ્યો. મંત્રી સુબાહુના કાને પણ આ વાત આવી.

એક દિવસ મધ્યાહ્ન કાળે મંદિરના પાછળના ઓરડામાં નર્તકી, મુનિ સાથે ચર્ચા કરી રહી હતી. આસપાસ બીજું કોઇ ન હતું. આ વખતે ચર્ચામાંથી એક બીજા વચ્ચે ઠઠ્ઠામશ્કરી શરૂ થયાં. બરોબર એ જ વખતે વયોવૃદ્ધ મંત્રી મુનિને વાંદવા અર્થે આવી ઊભા રહ્યા.

સ્ત્રીને અનેક સ્વરૂપો હોય છે અને આવશ્યકતાનુસાર પ્રસંગને અનુરૂપ સ્વરૂપ અભિવ્યક્ત કરવાની કળા પણ તેને હસ્તગત હોય છે. મંત્રીને એકાએક ત્યાં આવેલા જોઇ નર્તકીએ ભારે કુશળતાથી પોતાના મનોભાવ છુપાવી, બનાવટી ભાવો પ્રગટ કરીને અષ્ટાંગ યોગસાધનાના યમ-નિયમોની ચર્ચા શરૂ કરી દીધી. સંપૂર્ણાનંદમાં આ રીતે મનોભાવને છુપાવવાની કળા ન હતી, એટલે મંત્રીને જોઇને તે તો સ્તબ્ધ જ થઇ ગયો. સ્ત્રીના મોંના ભાવો જેમ કદિ તેના અંતરના ભાવોની ચાડી ખાતા નથી તેમ પુરુષના મોંના ભાવો તેના મનના છૂપા ભાવોની ચાડી ખાધા વિના રહી શકતા નથી. તેથી જ પુરુષને રીઢા ગુનેગાર થતાં ઘણો લાંબો સમય લાગે છે. નર્તકી પછી તો ત્યાંથી તરત ચાલી ગઇ.

હૃદયમાં દુઃખ ભર્યું હોવા છતાં હોઠ પર સ્મિત લાવવું એ જેટલું કઠિન છે, તેનાથી અધિક કઠિન કાર્ય જેને આપણે પૂજ્ય માનતા હોઇએ તેના દોષને નજરે જોયા છતાં, જાણે કાંઇ જોયું જ નથી એ રીતે વર્તવામાં છે. મંત્રી આ કળામાં નિપુણ હતા. બધું જ સમજી ગયા હોવા છતાં, તે કાંઇ જ સમજ્યા નથી એવો સફળતાપૂર્વક દેખાવ કરી, મુનિને ભાવપૂર્વક ખમાસમણ દીધાં અને બે હાથ જોડી 'સ્વામી શાતા છે જી ?' કહી પાછા જવાની રજા માગી.

---

**શ્રીમદ્ રાજચંદ્ર** ( અનુસંધાન પેજ ૩૯ થી શરૂ )

સરોત્રા, આહોર, ઇન્દોર, અમદાવાદ, વઢવાણ, બોરસદ, કલોલ, વસો, નરોડા, બેંગલોર, વડાલી, હમ્પી, દેવલાલી વિગેરે સ્થળે આશ્રમોની સ્થાપના થયેલી છે જેનો સેંકડો મુમુક્ષુઓ લાભ લે છે. અગાસ આશ્રમવાળા પૂ. મહારાજશ્રી લઘુરાજે હજારો પટેલોને જૈનધર્મી બનાવ્યા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુનિરાજે શૂન્યમનસ્કથી માથું ધુણાવ્યું. પણ મંત્રી સામે જોવાની હિંમત ન ચાલી. પાપમાં પણ અદ્‌ભુત શક્તિ રહેલી છે અને જે પ્રકારે અગ્નિ અગ્નિનું શમન કરી શકતો નથી, તેજ પ્રકારે પાપ પણ શમન કરી શકતું નથી. મંત્રીની વંદનાની ક્રિયા જોઇ મુનિના મનમાં વિવેક જાગૃત થયો અને નર્તકી સાથેની બેહૂદી વાત અને વર્તન મંત્રીએ નજરોનજર જોયાં તે માટે શરમ, ભય અને ક્ષોભ અનુભવ્યાં. મંત્રી તો જોયેલું જાણે કશું જ જોયું નથી, અને સાંભળેલું જાણે કશું જ સાંભળ્યું નથી, એવો વર્તાવ રાખી નીકળ્યા, પણ મુનિને ભય લાગ્યો કે મંદિરમાંથી તેને કાઢી મૂકવામાં આવશે, અગર તો યતિવેશ ખેંચી લેવામાં આવશે.

મંત્રી ભોટ ન હતા પણ ભારે જ્ઞાની અને અનુભવી હતા. તે સમજતા હતા કે અન્ય પર ગુસ્સે થવું એ તો અન્યની ભૂલ માટે પોતાની જાત પર વેર લેવા બરોબર છે. કોઇ ખોટા માર્ગે જઇ રહ્યું હોય અને તેને સીધા રસ્તે લાવવો હોય તો તેના પર ક્રોધ કરીને અગર ઠપકો આપીને તેમ નથી કરી શકાતું. તે ખોટે રસ્તે જનાર સાથે પ્રેમ કેળવવો પડે છે અને પ્રેમ કરનારને અન્યના અન્યાય અને અણઘડ ઉપાલંભોને સહન કરવાની શક્તિ પણ કેળવવી પડે છે. 'અનિષ્ટનો પ્રતિકાર ન કરો પણ તેને સાચા માર્ગે લાવવામાં મદદ કરો' એ તેનો સિદ્ધાન્ત હતો

આ વાત બન્યાને પાંચ-સાત દિવસો થયા, છતાં કોઇ ઊહાપોહ, નિંદા કે ઠપકાની વાત મુનિ પાસે આવી નહિ. માનવસ્વભાવ કેટલીક બાબતમાં એવો વિચિત્ર છે કે તે ઝેર પચાવી જાય, પણ અન્યના દોષોને ગળી જવાનું તેના માટે શક્ય હોતું નથી. અન્યના દોષો જોવા, તેની નિંદા કરવી, અતિશયોક્તિ કરી નાના દોષોને મોટા સ્વરૂપમાં વર્ણવી બતાવવા, ન હોય તેવા દોષોનું અન્યમાં આરોપણ કરવું વગેરે બાબતમાં માનવજાતનો મોટો ભાગ ભારે કાબેલ અને હોંશિયાર હોય છે. પરંતુ આવી પદ્ધતિના કારણે દોષયુક્ત વ્યક્તિ કે દોષ જોનાર વ્યક્તિને કશો ફાયદો થતો નથી. જે મનુષ્ય કેવળ દોષ જુએ છે તે નીચ છે જે ગુણ અને દોષ બંને જુએ છે તે મધ્યમ છે અને જે કેવળ ગુણ જુએ છે તે ઉત્તમ છે. કુટુમ્બ, સમાજ અને જીવનના વિવિધ ક્ષેત્રે જ્યાં જ્યાં દોષો અને સ્ખલનાઓના કિસ્સાઓ જોવામાં આવે ત્યાં ત્યાં ધિક્કાર અને તિરસ્કારની દૃષ્ટિના બદલે દયા અને અનુકંપાની દૃષ્ટિ અપનાવવામાં આવે તો સંસારનાં મોટા ભાગનાં દુઃખોનો અંત આવી જાય પરંતુ માનવસ્વભાવ એવો તો અવળચંડો છે કે સુખ પ્રાપ્ત કરવાની ઇચ્છા હોવા છતાં, મોટા ભાગના માનવી દુઃખ ઉત્પન્ન થાય એ રીતે જ જીવનવ્યવહારમાં વર્તે છે. ઝેરને પચાવવાની શક્તિ પ્રાપ્ત કર્યા વિના અમૃતરસનો સ્વાદ માણી શકાતો નથી. એ સરળ વાત અનેક યુગો પસાર થવા છતાં માનવજાત હજુ સુધી સમજી શકી નથી.

મુનિરાજના દોષિત વર્તન બાબતમાં મંત્રીએ જ્યારે કોઇને કશી વાત ન કરી તેમજ કોઇ પ્રકારનું પગલું પણ ન લીધું ત્યારે મુનિરાજના મનમાં પોતાના પાપકૃત્ય માટે પસ્તાવાનો પાર ન રહ્યો. પ્રકૃતિનો એક નિયમ છે કે, કોઇ પણ માનવી દુષ્કર્મ કરે અગર પાપમય વિચાર કરે, તોપણ તેનું ફળ તેને વહેલે-મોડે મળ્યા વિના રહેતું નથી. પાપ પાછળ પશ્ચાત્તાપ આવે એવો કુદરતનો અવિચળ નિયમ છે કોઇ લોકો આને કુદરતનો કાયદો કહે, કોઇ કર્મનો વિપાક કહે, કોઇ ઇશ્વરનો ન્યાય કહે, અને કોઇ પ્રકૃતિનો નિયમ કહે પણ આ બધાનો તાત્વિક અર્થ એક સરખો છે. માણસ કદાચ સકળ જગતને છેતરવાની કળામાં પારંગત થઇ શકે, પણ તે પોતાના કર્મફળમાંથી બચી શકવાની શક્તિ પ્રાપ્ત કરી શકતો નથી, પછી ભલેને એ વ્યક્તિ ચક્રવર્તી હોય કે તીર્થંકર હોય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચોમાસું પૂર્ણ થતાં ચૈત્યવાસી મુનિએ વિહાર કર્યો. મંત્રી દૂર સુધી તેને વળાવવા ગયા. સુબાહુએ છૂટા પડતી વખતે નહિ સમજાતા એવા એક શ્લોકનો અર્થ સમજાવવા મુનિરાજને વિનંતી કરી. તે શ્લોક આમ હતોઃ

'संसारोदधिनिस्तारपदवी न दवीयसी ।
अन्तरा दुस्तरा न स्युर्यदि रे मदिरेक्षणाः ॥"

મુનિ સંપૂર્ણાનંદે મંત્રીને શ્લોકનો અર્થ સમજાવતાં કહ્યું : 'સંસારસમુદ્રમાં દુસ્તર એવી મદિરેક્ષણાઓ અર્થાત્ સ્ત્રીઓ ન હોય તો તેને તરવાનો માર્ગ કાંઇ દૂર નથી.'

આ શ્લોકનો અર્થ પૂછવા પાછળ મંત્રીનો આશય મુનિરાજથી છૂપો ન રહ્યો કાણાને મોંએ કાણો કહ્યા સિવાય મંત્રી સુબાહુએ સાધુમાં ક્યાં કાણું હતું. તે આ શ્લોક દ્વારા આડકતરી રીતે સમજાવી દીધું હતું.

(૨)

આ વાત બની ગયા બાદ લગભગ દશેક વર્ષ પછી સુબાહુ મંત્રી એક વખત ગિરનારજીની યાત્રાએ ગયા. મધ્યાહ્નનો સમય હતો. મંત્રી ગિરનાર પરથી ડોળીમાં બેસી તળેટીમાં આવી રહ્યા હતા. માળીની પરબની જગ્યાએ મંત્રી વિસામો લેવા બેઠા હતા, એવામાં નીચેથી ઉપર જતા એક મુનિરાજ ત્યાં આવ્યા. મુનિરાજનું શરીર આમ તો હાડપિંજર જેવું હતું, પણ તેના મોં પર તપ અને ત્યાગનું દિવ્ય તેજ ચમકી રહ્યું હતું. મુનિરાજને જોતાં જ મંત્રીને થયું કે આ કોઇ પરિચિત સાધુ લાગે છે. પણ અગાઉ તેમને ક્યાં અને ક્યારે જોયેલા એ યાદ ન આવ્યું. મુનિરાજને વંદન કરી મંત્રીએ પૂછયું : 'ભગવંત! આપના દર્શન આ અગાઉ કર્યાં છે, પણ ક્યાં અને ક્યારે તેનું વિસ્મરણ થઇ ગયું છે. આપના ગુરુ અને આપનું નામ આપશો તો તરત ખ્યાલ આવી જશે.'

સુબાહુની વાત સાંભળી આછું સ્મિત કરી મુનિરાજે કહ્યું : 'મહાનુભાવ! લગભગ દસ વર્ષ પહેલાં યતિધર્મની દીક્ષામાં હું આપના શહેરમાં ચોમાસું રહેલો અને એક પ્રસંગે આપ મને વંદન કરવા આવેલા, ત્યારે મારી જાતને લાંછન લાગે તેવી ક્રિયામાં હું મગ્ન થઇ બેઠો હતો. મારું દુષ્કૃત્ય આપે નજરો નજર જોયું, પણ તે સંબંધમાં યોગ્ય શિક્ષા કરવાને બદલે આપે મારા પ્રત્યે અપાર પ્રેમ અને અપૂર્વ ભક્તિ દાખવ્યાં. તેથી મારી શિથિલતાનો મને ભારે પશ્ચાત્તાપ થયો અને યતિધર્મની દીક્ષા છોડી મેં પંચમહાવ્રતનો સાધુધર્મ અંગીકાર કર્યો, તમારા પ્રેમ અને ભક્તિએ મને પતનના માર્ગે જતાં અટકાવ્યો, એટલે ભાવદૃષ્ટિએ તો તમે જ મારા ગુરુ છો.'

મંત્રીને દસ વર્ષ પહેલાંનો આ મુનિરાજ અંગેનો પ્રસંગ યાદ આવ્યો અને કહ્યું : 'દુનિયામાં માણસ એકવાર ગુનો કરવાથી કાંઇ હંમેશને માટે શાપિત બની જતો નથી આ જગતમાં તો ચોરી કરતાં પકડાય એ ચોર અને ચાલાકીથી છૂટી જાય એ શાહુકાર. જીવનમાં ભૂલો તો બધાની થાય છે. માનવહૃદય પરિવર્તનશીલ છે. આજે જેને એક વાતથી તૃપ્તિ થાય છે, તેને કાલે એ જ વાતનો અણગમો જાગે છે. સમુદ્રની ભરતી-ઓટનો નિયમ માનવહૃદયને પણ લાગુ પડે છે. જ્ઞાની અને વિવેકીને ભૂલનું ભાન થતાં તેમાંથી પાછો ફરી જાય છે, ત્યારે અજ્ઞાની પતનના માર્ગે આગળ ને આગળ વધતો જાય છે. પરંતુ જીવનમાં એક વાતની તો મને ખાતરી થઇ ગઇ છે કે પંથ ભૂલેલા માનવને સાચા રસ્તે દોરવા માટે માત્ર ઉપદેશ કે ઠપકો ભાગ્યે જ મદદરૂપ થાય છે. આ માટે જરૂર છે વિશુદ્ધ પ્રેમ અને પવિત્ર સદ્ભાવની.'

મંત્રીએ પોતાની પાછલી જીવનકથની કહેતાં કહ્યું : 'યૌવન અવસ્થામાં ઉન્માદ અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉન્માર્ગના પંથે હું જઈ રહ્યો હતો. મારી પત્ની સિવાય ઘરનાં એકેએક વ્યક્તિ મારા પ્રત્યે ઘૃણા અને તિરસ્કાર સેવતી. મારી પત્ની મારા બધા દોષો શાન્તિપૂર્વક સહી લેતી એક દિવસે તે એકાએક ભયંકર માંદી પડી ગઇ જીવનની અંતિમ પળે મને તેણે પાસે બોલાવી કહ્યું: 'સ્થૂલ દેહદષ્ટિએ આપણો વિયોગ થવાની પળ આવી ગઇ છે, હું મૃત્યુ પામીશ એટલે સદાને માટે તમારાથી દૂર થઇશ એમ માનવાની ભૂલ ન કરતા. જે જન્મે છે, તે અવશ્ય મૃત્યુ પામે છે, પણ પ્રેમ તો અમર્ત્ય છે, તેનું કદાપિ મૃત્યુ થતું નથી.'

મુનિરાજે સુબાહુને પૂછ્યું : 'પ્રેમ અમર્ત્ય છે તો પછી પ્રેમને આંધળો શા માટે કહેવામાં આવે છે?'

સુબાહુએ કહ્યું હું હવે એ જ વાત પર આવું છું. મારી પત્નીની વાત સાંભળી હું વિસ્મિત થયો અને મેં તેને પૂછ્યું : 'મારા જેવા દુષ્ટ અને અધમ પતિ પ્રત્યે તિરસ્કાર અને દ્વેષ થવાને બદલે તારામાં એવું કયુ તત્ત્વ છે કે જે તને તારા મરણ પછી પણ મારો સંગાથ છોડાવી શકતું નથી?'

જીવનની અંતિમ પળે પણ મારી વાત સાંભળી તેને હસવું આવ્યું અને કહ્યું : "જ્ઞાનીઓએ તેથી જ પ્રેમને અંધ કહ્યો છે. પ્રેમ એક એવું અદ્ભુત તત્ત્વ છે કે જેમાં પ્રેમપાત્રના દોષ કદિ જોઇ શકાતા જ નથી. પ્રેમનો અર્થ જ સમર્પણ. પ્રેમ જો નિરપેક્ષ અને શ્રદ્ધેય હોય તો દોષવાળા માણસ પર પણ પ્રેમ થાય છે. મને આવા પ્રેમની અનુભૂતિ થઇ છે અને મરતાં મરતાં એ તત્ત્વનો વારસો મારી સ્મૃતિરૂપે તમને સોંપતી જાઉં છું." આ વાત પૂરી થઇ કે આછા સ્મિતપૂર્વક તેણે પોતાનો ક્ષણભંગુર દેહ છોડ્યો.

વાત કરતાં કરતાં ગળગળા થઇ મંત્રીએ કહ્યું : 'મુનિરાજ! મૃત્યુ કરતાંયે પ્રેમમાં વધુ શક્તિ અને બળ રહ્યાં છે, એ વસ્તુનું ભાન મને મારી પત્નીના મરણ બાદ થયું. ઘણાં વર્ષો પહેલાં તે મૃત્યુ પામી છતાં આજ પણ તેના આત્માનું મારા આત્મા સાથે ઐક્ય હું અનુભવી રહ્યો છું. પ્રેમનો શું આ જેવો તેવો પ્રભાવ છે?'

'હવે તો મને ખાતરી થઇ ગઈ છે કે આ જગતમાં વધુમાં વધુ મહત્ત્વની કોઈ વસ્તુ કુદરત તરફથી માનવજાતને બક્ષિસ મળી હોય તો તે પ્રેમ છે. સંસારનો કોઇ પણ માનવ સંપૂર્ણતઃ પાપી નથી કે સંત પણ નથી. આ જગત અને અનંતતા વચ્ચેની, દુઃખ અને સુખ વચ્ચેની, ગુણ અને દોષ વચ્ચેની સીમારેખા પણ એક પ્રકારની પુણ્ય અને પાપની નાટિકા જેવી છે જગતનો કયો માનવી પોતાના હૃદય પર હાથ મૂકી કહી શકશે કે તે મન, વચન અને કાયાથી સંપૂર્ણતઃ નિષ્પાપી છે? માનવમાત્ર ગુણો અને દોષોનો ભંડાર છે એટલે દોષિત માનવી ધિક્કાર કે તિરસ્કારને પાત્ર નહિ પણ પ્રેમ, સહાનુભૂતિ અને મદદનો અધિકારી છે પાપ પ્રત્યે ભલે ઘૃણા કે તિરસ્કાર આવે, પણ પાપી પ્રત્યે તો પ્રેમ, લાગણી, દયા અને અનુકંપા જ શોભે'

વૃક્ષ જેમ વર્ષાનાં બિંદુ પચાવે, તેમ મુનિરાજ પણ મંત્રીની વાણી પચાવી રહ્યા હતા. આખરે મુનિરાજે સુબાહુ મંત્રીને કહ્યું : "મારા ગુરુદેવ એક વખત મને 'પ્રત્યેક પાપમાં પણ પુણ્યનાં બીજ હોઇ શકે છે' એ પાઠ સમજાવતા હતા, પણ તે દિવસે હું એ પાઠ સમજી શકેલો નહિ. આજે આ વાત મને બરોબર સમજાઇ ગઈ અને તે માટે આપને જેટલા ધન્યવાદ આપું તેટલા ઓછા છે."

તે પછી, મંત્રી ડોળીમાં બેસી નીચે ઉતરવા લાગ્યા અને મુનિરાજ ગિરનારનો પહાડ ચડવા લાગ્યા.

(શીલધર્મની કથાઓમાંથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir





## ભાવનગરના આંગણે
# શ્રી વર્ષિતપના પારણાની એક ઝલક

**સંકલન : શાહ ચીમનલાલ વર્ધમાન**

પ. પૂ. આચાર્ય ભગવંત શ્રી અશોકચંદ્રસૂરીશ્વરજી મ. સા.ની શુભ પ્રેરણા અને આશિર્વાદથી ભાવનગરના આંગણે ઘણા વર્ષો બાદ ૭૫ વર્ષિતપના તપસ્વીઓની ઉત્કૃષ્ટ ભાવના જગાડી અને વાસક્ષેપના આશિર્વાદથી સૌએ પચ્ચક્ખાણ લઇ તપશ્ચર્યા શરૂ કરેલ.

ભાવનગર શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘની એકતા સમસ્ત ભારતભરમાં અજોડ ગણાય છે. આવા સિદ્ધી સ્વરૂપ સંઘના મહાન પુન્યોદયે પ. પૂ શ્રી વૃદ્ધિચંદ્રજી મ. સા. ની પાટ ઉપર બેસી અનેક આચાર્ય ભગવંતોનો લાભ શ્રી સંઘને મળ્યો છે. તેમના તેજ પુંજથી આ પાટ આજે પણ ઝળહળી રહી છે.

વર્ષિતપના પારણા મોટી સંખ્યામાં હોવાથી શ્રી ભાવનગર શ્વે. મૂ. તપાસંઘના ઉપક્રમે જ આ પ્રસંગ ઉજવાય અને તે પણ કોઇ આચાર્ય ભગવંતના સાનિધ્યમાં પારણા થાય તેવી સૌની ઉચ્ચત્તર ભાવના હતી. પ. પૂ. આ શ્રી મોતીપ્રભસૂરીશ્વરજી મ સા.ના પટ્ટધર પ. પૂ આ શ્રી નયપ્રભસૂરીશ્વરજી મ. સા. બેંગલોરથી અતિ ઉગ્ર વિહાર કરી સૌરાષ્ટ્રની ભૂમિ તરફ આવે છે તેવા સમાચાર સાંભળતા સૌની દૃષ્ટિ તેમને આ પ્રસંગે અત્રે લાવવા તરફ ગઇ. વર્ષિતપ કમિટીમાંથી અમુલખભાઇ ( એ પી. ), ભરતભાઇ, જસુભાઈ ગોળવાળા નવિનભાઇ કામદાર વિ. એ આ બાબત પ્રયત્નો શરૂ કર્યા. પૂ. આ. મહારાજશ્રી આમોદ છે તેમ સમાચાર મળતા પોતાનું વાહન કરી સૌ વિનંતિ કરવા ગયા. ત્યાં પહોંચ્યા ત્યારે મહારાજશ્રી વિહાર કરી ગયેલ. તેઓ જ્યાં વિહાર કરી ગયેલ ત્યાં પહોંચી વંદન કરી ભાવનગર પારણાના પ્રસંગે પધારવા ખાસ આગ્રહભરી વિનંતિ કરેલ ભાવનગર શ્રી સંઘની વિનંતિને માન આપી પૂજ્યશ્રીએ અનુમતિ આપેલ. આ રીતે વ્યવસ્થાપક કમિટીના સભ્યો જય બોલાવી પરત આવ્યા ત્યારે શ્રી સંઘમાં આનંદ–આનંદ થઇ ગયો.

પૂજ્ય આચાર્યશ્રી શ્રી સંઘની વિનંતિથી ભાવનગર વર્ષિતપ પારણા પ્રસંગે પધારે છે ત્યારે વર્ષિતપ કરનાર ભાઈ બ્હેનો તરફથી સારો એવો ઉપહાર મળે તેવો પ્રબંધ કરવા સૌએ વિચાર્યું. શ્રી પંચાહ્નિકા મહોત્સવ કરવાનું નક્કી થયું તેમજ સકલ શ્રી સંઘનું સ્વામિવાત્સલ્ય કરવાનું નક્કી કર્યું. આ માટે શ્રી મનુભાઈ (બાજરો), શ્રી અમુલખભાઇ (એ.પી.) અને ભરતભાઇએ ફંડ શરૂ કરેલ, જેમાં વર્ષિતપ કરનાર ભાઈ-બ્હેનો તથા સંઘના શુભચિંતકો તરફથી સારો એવો આવકાર મળેલ.

ભાવનગર શ્રી સંઘમાં લગભગ ૧૮૦૦૦ (અઢાર હજાર) માણસો શ્રી સંઘ સ્વામિવાત્સલ્યમાં એક સાથે લાભ લે છે આટલી મોટી સંખ્યામાં રસ-પુરીનું જમણ શકય ન ગણાય. પરંતુ એટલો હર્ષ અને ઉલ્લાસ હતો કે અશકયને શકય કરી બતાવ્યું. મારી યાદદાસ્ત

( અનુસંધાન પેઈજ ૪૧ ઉપર )

For Private And Personal Use Only

# કર્મરાજાની કરામત



સંકલન : કે. આર. સલોત
( મહાસતી શ્રી શારદા શિરોમણીના વ્યાખ્યાન માળામાંથી )

એક ગંગામા હતા. તેમને એક દીકરો હતો. તેનું નામ ધર્મેશ હતું. તેમની સ્થીતિ સાવ સાધારણ હતી, ધર્મેશના પિતા સામાન્ય માંદગીમાં સ્વર્ગવાસી થયા. જે થોડી મુડી હતી તે માંદગીમાં ખર્ચાય ગઈ. ગંગામાને તો પતિએ ગયો અને પૈસા પણ ગયા. તેમને ખૂબ આઘાત લાગ્યો. સગાવહાલા તેમને આશ્વાસન આપે છે. પાસે મુડી અને માંડ અઠવાડીયું ચાલે તેટલું અનાજ છે. કોઇનું દળવાનું સીવવાનું ભરવાનુ મહેનત કરીને આજીવીકા ચલાવે છે. માતાના મનમાં ધર્મેશને ડોકટર બનાવવાના કોડ છે, તે માટે કાળી મજુરી કરીને દીકરાને ભણાવે છે, છેવટે માતાની આશા ફળી ને દીકરો ડોકટર બન્યો. આટલી ગરીબાઇમાં દીકરાને ડોકટર બનાવવા માને કેટલી મહેનત પડી હશે? ધર્મેશ ડોકટર થયો, અને માતાની સેવા ખુબ કરે છે. માનો પડયો બોલ ઝીલે છે અને તેમના ચરણ ધોઇને પીવે છે. તે સમજે છે કે મારી માતાએ મને તેમની કઇ સ્થીતિમાં આટલી ઉંચી કક્ષા સુધી પહોચાડ્યો છે. માતાના મનમાં હવે એવી આશા છે કે દીકરો ડોકટર થયો, હવે સારૂ કમાશે, સારા ઘરની વહુ આવશે અને મારી પાછળની જીંદગી આનંદમાં અને ધર્મ આરાધનામાં જશે.

## સાસુની શીખામણ પણ વહુને મન કટ કટ :

ધર્મેશ ડોક્ટર થયો એટલે સારા ઘરની કન્યાઓના માંગા આવવા માંડયા ( કહેણ ) ધર્મેશ કહે-બા, મારી પ્રેકટીસ બરાબર જામે, આપણું ઘર સારી રીતે ચાલી શકે, પછી હું લગ્ન કરીશ. માતાએ કહ્યું-બેટા મારા લગ્ન થયા ત્યારે તારા પીતાશ્રી પાસે શું હતું? છતાં તું આટલો ઉંચો આવ્યો ને? માતાના કહેવાથી શ્રીમંત શેઠની ભણેલી છોકરી-નીલા સાથે સગપણ કર્યું, લગ્ન પણ થયા ગંગામાં વહુને સારી વાત કહેતા કટ કટ લાગવા મંડી. લગ્ન

---

## શ્રી વર્ષિતપના પારણાની એક ઝલક ( અનુસંધાન પેઇજ ૪૦થી શરૂ )

પ્રમાણે ૧૮,૦૦૦ માણસોનું શ્રી સંઘ સ્વામિવાત્સલ્ય રસ-પુરી તેમજ ભરપૂર ભાણે થયું હોય તેવો આ પહેલો દાખલો છે. વ્યવસ્થાપકો ખૂબ જ યશના અધિકારી છે. તેઓએ આ કાર્ય માટે જે હામ ભીડી છે તે કોઇ નાની વાત નથી. આ સ્વામિવાત્સલ્ય તો સુવર્ણ અક્ષરે લખાવું જોઇએ.... શ્રી મનુભાઇ, શ્રી અમુલખભાઇ અને શ્રી ભરતભાઇની ત્રિપુટીના પંદર-વીસ દિવસના અથાગ પરિશ્રમનું આ ફળ છે. તેમને આ કાર્ય માટે અતિ સુંદર સાથ-સહકાર આપનાર સૌ ધન્યવાદને પાત્ર છે.

દર વર્ષે રથયાત્રાનો વરઘોડો નીકળે છે પણ આ પ્રસંગે નીકળેલ રથયાત્રાનો વરઘોડો અતિ સુંદર કહી શકાય. વરઘોડાની વ્યવસ્થા ખૂબ સારી હતી.

શ્રી સંઘ પચ્ચીસમા તિર્થંકરરૂપ ગણાય છે. દર વર્ષે શ્રી સંઘમાં આવા ઉત્કૃષ્ટ પ્રસંગો આવે અને ખૂબ ભાવથી તેની ઉજવણી થાય તેવી શુભ ભાવનાઓ સાથે વિરમું છું....

卐

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પછી અઠવાડીયે કહ્યું–બેટા ચુલો પુજીને સળગાવજો, નીલા ભણેલી હતી પણ ગણેલી ન હતી, તેનામાં આવું બધું જ્ઞાન ન હતું, પાણી ગળ્યા વગર વાપરે એટલે સાસુ એ કહ્યું બેટા! તમારા પિતાનું ઘર ધર્મીષ્ઠ અને સંસ્કારી છે આપણે પણ જૈન છીએ. પાણી ગળ્યા વગર વપરાય નહીં. નીલા કહે તમને કહી દઉં છું કે તમારે મને ટકટક કરવી નહિ. ગંગામા સમજી ગયા કે મારો નંબર ટકટકમાં આવી ગયો. હવે કાંઈ બોલવું નહિ પણ વહુ ચુલો પૂંજે નહિ, પાણી ગળે નહિ તે મારાથી જોવાશે નહિ. છતાં નક્કી કર્યું કે કામ થાય તો જાતે કરવું અને ન થાય તો બોલવું નહિ. ધર્મેશને ખબર પડી ગઈ કે સાસુ–વહુને બનતું નથી, પણ તેણે નક્કી કર્યું કે મારે કોઈની બાબતમાં માથું મારવું નહિ.

## ભીખારણે લીધેલી હઠ :

એક દિવસ તેમના આંગણે એક ભિખારણ આવી. તેણે કહ્યું–હું ખૂબ ભૂખી છું મને કાંઈક આપોને. ગંગામા ગરીબ હતા પણ તેમના આંગણેથી કોઈ દીવસ ગરીબ માણસને પાછો જવા ન દે. તે સમજતા હતા કે પૂર્વભવમાં દીધું નથી એટલે આ ભવમાં મળ્યું નથી, હવે આ ભવમાં તો કંઈક આપું, એમ વિચારીને તે આપતા હતા પણ આજે ભિખારણ કહે છે કે તારા સાસુ મને કોઈ દિવસ પાછા કાઢતા ન હતા. ભિખારણ બહુ જ કરગરી, છતાં નીલા કહે છે કે આજે તને એક બટકું પણ નહિ આપું. તું આવું કેમ કરે છે? પણ વહુ એવી હઠે ચડી કે હું આપીશ નહિ અને ભિખારણ પણ હઠે ચડી કે હું લીધા સિવાય જઈશ નહીં. છેવટે ગંગામાને કહ્યું–મને થોડું તો આપો! ગંગામાએ કહ્યું હવે મારો હક્ક નથી, હું આપું તો મારા ઘરમાં હોળી સળગે. તું કાલે આવજે. પણ ભિખારણ બે કલાક બેઠી રહી પણ ખસી નહીં. છેવટે ગંગામાના મનમાં થયું કે કાલની વાસી રોટલી પડી છે લાવ તેને આપું, આપણે જૈન છીએ, વાસી રોટલી રખાય નહિ અને ખવાય નહિ, શેકીને જ રખાય, તેથી તેણે વાસી રોટલી પડી હતી તે ભિખારણને આપી, વહુને પૂછયા વગર પાંચ રોટલી આપી. ભિખારણે મુખ ઉપર એવા ભાવ બતાવ્યા કે નીલા ભાભી! મારો વટ રહી ગયો ને! હું પાંચ રોટલીઓ લઈ મારો વટ રાખીને જાઉં છું. એનો વટ રાખવા જતા ઘરમાં વટ રહી ગયો. (હોળી સળગી)

## બા ત્યાં હું નહિ
## અને હું ત્યાં બા નહિ :

નીલા તો ખાટલો ઢાળીને સુઈ ગઈ. ગંગામાને મનમાં થયું કે હમણા મારો દીકરો થાકયો–પાકયો, ભુખ્યો–તરસ્યો આવશે અને મારૂં મુખ પડેલું જોશે તો મને પૂછશે. હું કાંઈ કહેવા જઈશ તો ભડકો થશે. એ કરતાં હું પણ અંદર જઈને સુઈ જાઉં. ગંગામા ઓઢીને સુઈ ગયા. થોડી વાર થઈ ત્યાં ધર્મેશ આવ્યો. નીલાને સુતેલી જોઈને પૂછયું–તને શું થયું છે? નીલા તો ધ્રુસ્કે ધ્રુસ્કે રડવા લાગી. સાસુ માટે જેમ તેમ બોલવા લાગી અને કહ્યું–બા ત્યાં હું નહિ અને હું ત્યાં બા નહિ, કાં તો મને રાખો, કાં તો બાને રાખો. બાનો જુલ્મ હવે મારાથી સહન થતો નથી, તેણે તો સાસુની વિરૂદ્ધમાં એવી વાતો કરી કે પોતના ગળે ઉતરી ગઈ, તરત જ ત્યાંથી ઉઠીને બાની પાસે જઈ તેનું કાંડુ પકડીને કહ્યું કે તું ઘરની બહાર નીકળીજા. જે દીકરો માતાને તીર્થસમાન માનતો હતો તે દીકરો આજે માતાને ઘરની બહાર કાઢવા તૈયાર થયો. માતાએ કહ્યું બેટા! તું મને ઘરની બહાર કાઢીશ તો તારી ઈજ્જત આબરૂ જશે. બા! તમે એની ચિંતા ન કરશો, તમે ઘરની બહાર નીકળી જાવ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## બનપણીએ બેનપણીનો સાંભળેલો કરૂણ સાદ :

ધર્મેશે તો તેની ઘરડી માતાને ઘરની બહાર કાઢી. ગંગામા સામા ઓટલા ઉપર જઇને બેઠા. બેઠા-બેઠા ધ્રુસ્કે ધ્રુસ્કે રડે છે. મારી પાછલી જીંદગીમાં દીકરાએ મારી આ દશા કરી? ઘડપણમાં જવું કયાં? તેના ઘરથી ત્રણ ચાર મકાન દુર તેમની બેનપણીનું ઘર હતુ. બેનપણીએ ગંગામાનો રડવાનો અવાજ સાંભળ્યો, તેણે દીકરાને કહ્યું-તું જા, જો તો ખરો. આ તો તારા માસીનો રડવાનો અવાજ લાગે છે. તરત દીકરો ત્યાં ગયો, જઇને કહ્યું-માસી કેમ રડો છો? આજે તમને શું થયું છે? ગંગામા શું બોલે? ઘરની વાત કોને કહેવાય? તેમણે વાત બદલી કહ્યું-બેટા મને ઠીક નથી, અરે! માસી તમે તમારા દીકરાને ડોકટર બનાવ્યો છે તમને ઠીક નથી તો દીકરો ઇલાજ કરતો નથી? બેટા! હવે તેને માતાની જરૂર નથી, તે ઇલાજ શા માટે કરે? ચાલો માસી મારી બા તમને બોલાવે છે. ગંગામા કહે મારે તારા ઘરે આવવું નથી. આ સમયે ધર્મેશ જમવા બેઠો હતો, તેની નજર રડતી મા ઉપર પડી, એક મિનિટ તો આંચકો લાગ્યો. તેના હાથમાંથી બટકું પડી ગયું. નીલા કહે બહાર શું જુઓ છો? ધર્મેશે વાત છુપાવી દીધી, તેના મનમાં થયું કે જો નીલા વાત જાણશે તો બરાબર આગ લાગી જશે તેથી તેણે વાત છુપાવી દીધી.

## સાચીબેન બનીને આપેલું આશ્વાસન :-

ગંગામા બેનપણીના ઘરે જવા તૈયાર થયા. જતાં જતાં ઘર સામે અને દિકરા તરફ દ્રષ્ટી પડતા તેમનું હૈયુ ભરાઇ આવ્યુ. અરેરે....જે દીકરાને મેં મારી જાત નીચોવીને ભણાવ્યો, ડોકટર બનાવ્યો, જે દીકરો તીર્થની જેમ મારી પૂજા કરતો હતો, તે દીકરાએ મારી આ દશા કરી? જે ઘરમાં મારી જીંદગી પૂરી થવા આવી એજ ઘરમાંથી સગો દિકરો મને જાકારો દેશે. એવી તો કલ્પના પણ ન હતી. કર્મરાજા! તારી કેવી બલીહારી છે! છેવટે દુ ખાતા હૈયે ગંગામા બેનપણીને ઘરે ગયા. બેનપણીએ પુછયુ-ગંગાબેન શું થયું? આ બેનપણી સાચી બેનપણી હતી. દુઃખમાં ભાગ પડાવે તેવી હતી. આજના મીત્રોને બેનપણીઓ તો બધા કહેવાના, ખિસ્સા ભારે તો મીત્રો રહેવાના અને ખિસ્સા ખાલી તો મીત્રો નહિ. સાચા મીત્રો અને બહેનપણીઓ તો તે છે કે જે દુઃખમા ભાગ પડાવે. આ બ્હેન પણીએ પુછયુ-બેન? શું થયું! કાંઇ નહી બેન! કાંઇ કારણ વગર ઓટલે બેસીને રડો ખરા? બેન! મારા પતિતો નાનપણમાં ચાલ્યા ગયા. કાળી મહેનત કરીને પેટે પાટા બાંધીને દીકરાને ડોકટર બનાવ્યો, તે તો તમે પણ જાણો છો કે મારી કઇ દશા (હાલત) હતી. તે દીકરાએ મને ઘરમાંથી કાઢી મુકી. બેનપણી કહે-બેન! આ તો સંસાર છે. ચાલ્યા કરે. ધર્મેશે ભલે આજે ભુલ કરી પણ કાલે તેને જરૂર ભુલ સમજાશે બધા સારાવાના થશે. આપ મનમાં દુઃખ ન ધરશો. આ ઘર તમારૂ છે એમ માનીને મારા ઘરે રહો. બે ચાર દિવસ થયા છતાં દીકરાને એમ નથી થતું કે મારી બા કયાં ગઇ હશે? એનુ શુ થયુ હશે? આ તમારો સંસાર! તમે જેને મારા માનીને વળગી પડયા છો પણ કોણ કોનુ છે?

મારૂં મારૂં કરીને,
જગતમાં તું મોહી રહ્યો;
જ્યાં કોઇ નથી કોઇનું,
પછી તું રાગ શાને કરી રહ્યો.

ગંગામા બેનપણીને ઘરે રહે છે, બેનપણી તથા તેમના દીકરાઓ બધા માસીને શી વાતે રાખે છે, પણ ગંગામાને પોતાનું દુઃખ ભૂલાતું નથી. એક દીવસ ગંગામાને ખૂબ તાવ આવ્યો, બેનપણી ગંગામાને લઇને ધર્મેશના દવાખાને લઇ ગઇ. ડોકટરને કહ્યું-આ ગંગામાને ખૂબ તાવ આવે છે અને છાતીમાં દુખે છે. તમારે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે ફી લેવી હોય તે લેજો. જે બીલ કરવું હોય તે કરજો, પણ ગંગામાને જલ્દી સારૂં થાય તેમ કરજો. ડોકટર ગંગામાને તપાસતા હતા, તે સમયે મા–દીકરાની આંખ મળી ગઇ. ગંગામાની આંખમાંથી આંસુ સરી પડ્યા. બેટા! મેં તને કઇ આશાથી મોટો કર્યો, ભણાવ્યો. નીલા ભૂલી તો ભલે ભૂલી, પણ તુંય મને ભૂલી ગયો? તું ભણતો હતો ત્યારે કહેતો હતો કે બધાની સેવા કરીશ. સેવા કરવાને બદલે મને ધક્કો મારીને ઘરમાંથી પણ કાઢી મૂકી. આપણે આંગણે એક ભિખારણ આવી હતી તે કહે કંઇક ખાવાનું આપો, નીલા કહે હું તને બટકુય રોટલો પણ નહી આપું અને ભિખારણ કહે હું લીધા વિના જવાની નથી. બંને હઠે ભરાયા. માંગણની સામે આપણી જેવા ભણેલા માણસોએ હઠ ન કરવી જોઇએ, તેથી તેને મેં કહ્યું–કાલે આવજે, પણ તે ત્યાંથી ખસી નહી. ત્યારે મને થયું કે લાવને કાલની રોટલી પડી છે તેને આપું. મેં વહુને પૂછયા વિના પાંચ વાસી રોટલી ભિખારણને આપી. આથી નીલા જેમ તેમ બોલવા લાગી ને પછી સુઇ ગઇ. બેટા! આમાં મારો વાંક ગુનો છે?

## ડોકટર અને નીલાની ખુલેલી દૃષ્ટિ :

માતાની વાત સાંભળતા ડોકટરનું દીલ દ્રવી ગયું, અરેરે.... હું કયાં ભૂલ્યો? મારી માતાએ કેટલા દુઃખ વેઠીને મને મોટો કર્યો, મહેનત–મજુરી કરીને ભણાવ્યો અને ડોકટર બનાવ્યો. એ માતાને મેં ઘરની બહાર કાઢી? ડોકટર તુરતજ ઉભા થઇ ગયા ને માતાના ચરણમાં પડી ગયા. માતા! મને માફ કરો, માફ કરો. હું ખરેખર તમારા ઉપકારને ભૂલ્યો છું. પત્નિનો ચઢાવ્યો ચઢી ગયો અને તમારી આ દશા કરી (સ્થિતિ કરી) મને માફ કરો. તરત ધર્મેશ માતાને ગાડીમાં બેસાડી ઘરે લઇ ગયો. પત્નીને કહી દીધું કે જો તને મારી માતા (બા) ગમતી હોય તો ખુશીથી રહે અને ન ગમતી હોય તો તું પીયર ભેગી થઇ જા. હવે નીલા શું બોલે? તે સમજી ગઇ કે હવે મારૂં કાંઇ ચાલશે નહી. તેણે કહ્યું–તમારી બા–એ મારી બા. બધા આનંદથી રહેવા લાગ્યા. ઘર સ્વર્ગ જેવું બની ગયું છેવટે દૃષ્ટિ ખુલી ગઇ. કહેવાનો આશય એ છે કે જેની એક વાર અમ્મા અમ્મા થતી હોય પણ તેના અશુભ કર્મનો ઉદય થાય ત્યારે પોતાનો જ દીકરો પણ ઘરની બહાર કાઢી મૂકે છે. જેના પડ્યા બોલ ઝીલાતા હતા, તેની ખબર પૂછવાના પણ સાંસા પડી જાય છે, માટે કર્મરાજા કયારે વીફરે છે તેની કોઇને ખબર નથી, વ્યાખ્યાનનો સાર એ છે કે કર્મરાજા શું નથી કરી શકતા? માટે કહ્યું છે કે મારૂં મારૂં તું કરીને તું જગતમાં મોહી રહ્યો છો, તેનું આ દૃષ્ટાંત છે.

卐

---

**સાચા સાધુ....**

માત્ર સાધુના કપડા પહેરવાથી સાધુ થવાતું નથી,
કપડા સફેદ પહેર્યા પણ હૈયામાં માત્ર કાળાશ જ હોય તો?....
કપડા ભગવા પહેર્યા પણ હૈયુ વૈરાગ્યના રંગે ન રંગાયું તો?....
તો માત્ર સાધુવેશ રહી જશે, સાચી સાધુતા નહિ પ્રગટે
સાધુતાનો સંબંધ માત્ર પહેરવેશ સાથે નથી, આત્માની સાધના સાથે છે.
જે સાધના કરે તે સાધુ, સાધનામાં આવતી મુશ્કેલીઓને
સહન કરે તે સાધુ, બીજા સાધકોને સહાય કરે તે સાધુ....

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# महान ज्योतिर्धर

श्रीमद् विजयानंद सूरी महाराज का दिव्य जीवन

गुज. ले. श्री सुशील

हिन्दी अनु. रंजन परमार

# अद्भुत प्रवचन प्रणाली

लिखना और बोलना किसी भी व्यक्ति अथवा इन्सान की एक लाक्षणिक कला होती है। मन में आया सो बकवास किया, उसे जिस तरह वाणी नहीं कहते, ठीक उसी तरह जी में आया सो लिख दिया उसे लेखन नहीं कहते। वाणी का माधुर्य, वाणी का आरोह-अवरोह, वाणी के अनुरुप भाव-प्रदर्शन आदि व्याख्यानकला के अनन्य अंग हैं अति ओजपूर्ण और जोशीला भाषण करने वाले व्याख्याता कभी-कभी अपने वक्तव्य को निरा कृत्रिम और बेहुदा बना देता है। ठीक उसी भाँती असामायिक मंदता श्रोताओं में निराशा उत्पन्न कर देती है। वस्तुतः देखा जाए तो! व्याख्यान एक प्रकार का संगीत है। भले ही उसमें छंद-बद्धता न हो; किसी प्रकार की झंकार और टंकार न हो - किंतु कलाकार अपनी अनोखी सूझ-बूझ से निर्मित सुरावली से अनगढ श्रोताओं को मंत्र-मुग्ध बना कर इच्छित प्रभाव उत्पन्न करता है।



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

स्व. आत्माराम जी महाराज के संबंध में प्रायः ऐसा कहा जाता है कि वह अपने व्याख्यान में ऐसा रंग जमाते थे... भावोर्मियो की छटा बिखेरते थे कि श्रोताजन डोलने लगते थे। उनमें विद्वता थी, प्रतिभा थी और था अनन्य उत्साह; किंतु तदुपरांत, जैसा कि उनके एक घनिष्ट परिचित ने कहीं पर उल्लेख किया है, की उनके व्याख्यान में सामान्य मनुष्य कल्पना भी न कर सके ऐसी स्वर बद्धता की अस्पष्ट झंकार, झनझनाहट व्याप्त होती थी।

एक समय की बात है। आत्माराम जी महाराज का व्याख्यान समाप्त हुआ। महाराज को वंदन कर श्रोतागण एक के बाद एक बिखरने लगे। किंतु एक श्रोता अपने स्थान पर ज्यों का त्यों बैठा रहा। उसके मुख पर अद्भुत आनंद और अपूर्व तृप्ति के भाव दृष्टिगोचर हो रहे थे।

आखिर में सब चले गये। व्याख्यानकक्ष खाली हो गया तब उक्त सज्जन अपने स्थान से उठे और आहिस्ता-आहिस्ता महाराज जी के पास गए। श्रद्धेय महाराज जी ने ऐसे उत्कृट सुर और संगीत की तालीम किससे ग्रहण की है, यह ज्ञात करने की अपनी आंतरिक इच्छा उन्होंने उनके समक्ष प्रदर्शित की।



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

जब कि वास्तविकता यह थी कि आत्माराम जी महाराज को अपने जीवन में संगीत-साधना करने का कोई मौका ही नहीं मिला था और ना ही वह कभी किसी उस्ताद के पास तालीम हासिल करने गये थे। उस समय के संयोग ही ऐसे थे कि उनमें और संगीत में कोसो अंतर पड़ गया था।

"संगीत-वंगीत से हमारा कभी वास्ता ही नहीं पड़ा।" अधीर भक्त के आश्चर्य का पारावार न रहा। तब भला यह कैसे संभव है? संगीत की साधना किए बिना संपूर्ण व्याख्यान में एक लयता आ ही कैसे सकती है? अवश्य इसमें कोई रहस्य-भेद है। वरना ऐसा हो ही नहीं सकता।

जिज्ञासु भक्त स्वयं संगीत का अच्छा ज्ञाता था। अतः बात टालने मात्र से उसे भला संतोष कैसे होता? पल दो पल स्तब्ध हो, वह महाराज जी की ओर अनिमिष देखता ही रहा।

"उपाश्रय के आस-पास स्थित मकानों से रात्रि के समय संगीत के सुर जब कान पर टकराते अथवा गृहणियों की मधुर गुनगुनाहट सुनाई पड़ती, तब मैं उन सार और सुरों को ध्यानपूर्वक सुनता। मन ही मन संगीत की मृदुता एवं महत्ता



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

का आकलन-अनुभव करता... सुरों की अनोखी दुनिया में सुध-बुध खोकर उड़ान भरने लगता। यदि उसे अभ्यास अथवा तालीम की संज्ञा देना चाहो तो तालीम ही सही। फिर भी यह सनातन सत्य है कि इसके अतिरिक्त संगीत विषयक अधिक संस्कार अथवा शिक्षा मैंने कभी नहीं पाई।" आत्मारामजीने महाराज ने अधिक स्पष्टीकरण करते हुए कहा।

उनके प्रस्तुत जीवन-प्रसंग से हम भलीभाँति समझ सकते हैं कि एक समर्थ समर्पित व्यक्तित्व और प्रतिभाशाली पुरुष अपने योग्य संस्कार की सामग्री कहाँ से - किस तरह प्राप्तकर स्वयं को कला समृद्ध बना लेता है।



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# महान ज्योतिर्धर

श्रीमद् विजयानंद सूरी महाराज का दिव्य जीवन

गुज. ले. श्री सुशील
हिन्दी अनु. रंजन परमार

## यतिगण का सामर्थ्य

श्री आत्मारामजी महाराज के समकालीन श्री बृद्धिचन्द्र जी के जीवन-वृत्तान्त में स्थान स्थान पर ऐसे संकेत प्राप्त होते हैं कि "तत्कालीन जैन समाज का बहुत बडा हिस्सा यतिजन अर्थात् शिथिलाचारियों के पंजे में कैद था और उनका अनन्य अनुरागी था। यतिजन मंत्र-तंत्र और अभिमंत्रित डोरे-धागे के बल पर सामान्य लोगों के दिल को रिझाते थे। समाज तथा सामान्य जनों के मानो वे हीं एकमेव रक्षक और धनी-धोरी है, सुधर्मास्वामी की परम्परा के वास्तविक उत्तराधिकारी है, इस तथ्य को जनमन में गहरा उतार कर वे उनके पास से पूजा-द्रव्य वसूल करते थे।"

इस तरह एक ओर यतियों ने अपने परिबल का साम्राज्य सर्वत्र फैला रखा था और दुसरी ओर स्थानकवासी साधु-समाज बहल्ले से अपना प्रचार कार्य कर रहा था। ऐसी स्थिति में शंवेगी साधु-समाज की हालत पतली हो गई थी। उनके लिए ए. और कुआँ था और दुसरी ओर खाँइ। वह अकारण हीं दोनों पाटों के बीच में बुरी तरह से पीस रहे थे। जो स्वयं की पहचान संवेगी-शुद्ध क्रियावान के रूप में देते थे, उनमें से भी कुछ मुनि सार्वजनिक रूप में नहीं, किंतु निजी तौर पर मंत्र-तंत्र, ज्योतिष, वैद्यक आदि का आश्रय ग्रहण कर, अपने शिथिलाचार पाखंड को छिपाने का प्रयत्न करते अघाते नहीं थे। संयम के प्रशस्त मार्ग में स्थान-स्थान पर कंटक और कंटकाकीर्ण

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

पेड-पौधे लहराते नजर आते थे ।

यतिवर्ग और स्थानकवासी संप्रदाय के मुनिजन संयोगवश राजाश्रय प्राप्त करने में सफल हो गए थे । अलबत्ता, इनमें से बहुतेरों ने अपनी विद्या के बल पर भूतकाल में जैन शासन और संघ की कई प्रकार की उत्कट सेवा की थी । किंतु अब ऐसे कार्यों में ओट आ गई थी । पुरानी प्रतिष्ठा और महानता के आधार पर खडे अधिकार और अहंकार के खंभों को दीमक लग गई थी ।

शुद्ध चारित्र्य और शास्त्राध्ययन कभी का बंद पड़ गया था, इसकी पूरी जानकारी होते हुए भी एकमात्र पुरानी परंपरा के बल पर यतिवर्ग अपना महत्व और अस्तित्व टिकाने हेतु प्रयत्नशील थे । यतिवर्ग की दृढ मान्यता थी कि उनकी उपस्थिति में कोई संवेगी साधु व्याख्यान नहीं दे सकता, पूर्व अनुमति के बिना कोई साधु गाम में प्रवेश नहीं कर सकता मान्यता के बिना किसी मुनि का श्रावक-समाज स्वागत नहीं कर सकता और ना ही उनकी सम्मति के अतिरिक्त कोई साधु चातुर्मास कर सकता था । इस तरह वे अपने लोप होते अधिकार को बनाए रखनें के लिए आवश्यकतानुसार साम-दाम-दंड भेद का उपयोग करने में तनिक भी नहीं हिचकिचाते थे ।

श्री आत्मारामजी महाराज को भी उनके विरोध का सामना करना पड़ा था । किंतु जिन्होंने पंजाब में अपने मूल संप्रदाय के विरोध में विद्रोह का झंडा लहराया था, इस तरह का बाह्य विरोध उनका भला क्या बिगाड़ सकता था ? निर्भयता, विनम्रता और कार्य-कौशल्य उनके प्रचार-युद्ध के खास शस्त्र थे । शिथिलाचार के साम्राज्य को छिन्न-भिन्न करने में महाराज जी का महत्वपूर्ण साथ था ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

इसमें भी अत्यधिक महत्व की बात यह थी कि श्री आत्माराम जी महाराज एवं उनके सहचारियों ने श्रद्धालु समुदाय के समक्ष नैतिकता का उज्जवल आदर्श प्रस्तुत किया। उनकी कथनी और करनी मे अंतर नहीं था। उन्होंने अपनी बात महज लोगों का दिल बहलाने हेतु नहीं कही, अपितु उसे जीवन में कार्यान्वित कर शुद्ध आचार-विचार के माध्यम से सिद्ध कर दिया कि सच्चा संयमी, तपस्वी, ज्ञानी पुरुष कैसा होता है। फलस्वरूप दांभिक वृत्ति एवं शिथिलाचार से त्रस्त जनसमुदाय ने ऐसे आदर्श पुरुष के शिष्य परिवार का मुक्तमन से सोत्साह स्वागत किया। समय के साथ शिथिलाचारियों का सामर्थ्य और शक्ति का-ह्रास होता गया। वे नरम पड़ गए और संयम-मार्ग का जो क्षीण धारा रूक-रूक कर प्रवाहित थी वह उफनती सरिता का रूप धारण कर पूरे वेग से बहने लगी।

यदि हम यह कहें तो अतिशयोक्ति नहीं होगी कि उस समय श्री बुट्टेराय जी महाराज का शिष्य परिवार एकाध क्षीण सरित्-प्रवाह की तरह था। यतिवर्ग के सामर्थ्य रूपी रोडे और पत्थरोंने उसके प्रवाह को बीच में ही रोक रखा था। श्रीं बुट्टेराय जी महाराज द्वारा प्रवाहित क्रियोध्धार का सोता अनेकविध अंतराय और बाधाओ को कलबल से पीछे ठेलता अबाध गति से आगे बढ़ता गया। परिणामत: श्री बुट्टेराय जी महाराज एवं उनका समर्थ फिर भी शांत-अशांत, तपस्वी फिर भी निरभिमानी ज्ञानी फिर भी स्पृहारहित शिष्य परिवार यतियों के आँख में खटकने लगा।

श्री बुट्टेरायजी महाराज के तत्कालीन शिष्य-परिवार का वर्णन करते हुए उपरोक्त चरित्र के लेखक ने श्री आत्माराम जी महाराज का भी गौरवपूर्ण शब्दों में उल्लेख कर स्मरण किया है। उनके संबंध में निम्नांकित भावों प्रदर्शित कर उन्हें

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्रद्धांजलि समर्पित की है :

"श्री बुट्टेराय जी महाराज के तत्काल बाद एक अन्य पुरुष का पंजाब की धरती पर उदय हुआ। उक्त महापुरुष समस्त भारत वर्ष में विख्यात शास्त्र-सूत्रों के प्रकाण्ड पंडित और क्रांतिद्रष्टा मुनिराज श्री आत्माराम जी थे। उनकी बुद्धि अत्यंत तीक्ष्ण एव तीव्र थी। शास्त्र-पठन के उपरांत सत्य क्या है, यह समझते उन्हे विलंब नहीं लगा। दो-चार वर्ष की अल्पावधि में ही उन्होंने लगभग सात हजार धर्मानुरागी भद्रजनों को शुद्ध श्रद्धान के पथ पर बढ़ाया। उस समय अहमदाबाद में मुनि शांतिसागर कुछ शास्त्र विरुद्ध एकांत प्रदर्शन करने मे मशगुल था; श्री आत्माराम जी महाराज ने उसके साथ शास्त्रार्थ (वाद-विवाद) कर सब के सामने उसे निरुत्तर कर दिया। उनके अद्वितीय ज्ञान, अनन्य प्रतिभा और अद्भुत वाक्पटुता का अनुभव कर अहमदाबाद के श्री संघ की प्रसन्नता का पारावार न रहा।"

तत्पश्चात् संवत् १९४२ में तीर्थाधिराज शत्रुंजय गिरि की यात्रा हेतु श्री आत्माराम जी महाराज ने पालीताणा में प्रवेश किया था तब वहाँ स्थित यतिवर्ग ने उनके स्वागत का जोरदार विरोध किया था किंतु उक्त विरोध बुझने के पहले प्रज्वलित होने वाले दीपक के समान ही सिद्ध हुआ। पालीताणा दरबार के वरिष्ठ अधिकारियों ने उनकी जम कर खिंचाइ की। स्वागत के मामले में यतियों को मुँह की खानी पड़ी। बड़ी ही धूमधाम और आडंबर के साथ श्री आत्मारामजी महाराज का पालीताणा में आगमन हुआ। ऐसा कहा जाता है कि पालीताणा दरबार और आनंदजी कल्याणजी पेढी के बीच विगत् लंबे अर्से से चल रही चर्चा के कई उलझे मुद्दे और प्रश्नों को सुलझाने में श्री आत्माराम जी महाराज ने अपनी ओर से सक्रिय सहयोग प्रदान किया था।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## નમ્ર અપીલ

શ્રી જૈન આત્માનંદ સભા સંવત ૨૦૫૧ ને જેઠ શુદ ૨ ના રોજ ૧૦૦મા વર્ષમાં મંગલ પ્રવેશ કરે છે. મંગલ પ્રવેશ નિમિત્તે શ્રી જૈન આત્માનંદ સભાના સભ્યોને નમ્ર વિનંતી છે કે ૧૦૦મા વર્ષની ઉજવણી કેવી રીતે કરવી તે અંગેના દરેક સભ્યોએ પોતાના સૂચનો-લેખો તાત્કાલીક શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઇટ, ભાવનગર ૩૬૪ ૦૦૧ એ સરનામે મોકલી આપવા વિનંતી છે.

## યાત્રા પ્રવાસ

શ્રી જૈન આત્માનંદ સભા તરફથી સં. ૨૦૫૧ જેઠ વદ ૬ ને રવિવાર તા. ૧૮-૬-૯૫ના રોજ તળાજા શ્રી તાલધ્વજગિરીરાજની યાત્રા રાખવામાં આવેલ છે; તો સભાના દરેક સભ્યશ્રી ભાઇઓ તથા બ્હેનોને તળાજા પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

સ્થળ : શ્રી તળાજા જૈન ધર્મશાળા, બાબુનો વંડો, તળાજા ૩૬૪ ૧૪૦

લી. શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેઇટ, ભાવનગર ૩૬૪ ૦૦૧

તા. ક. : બસની વ્યવસ્થા કરી છે, તો તે માટે સભામાં પૈસા ભરી નામ લખાવી જવું.

## અહંકાર

ઘરબાર છોડી દેવું, માથુ મુંડાવી નાંખવું કે લંગોટી પહેરી લેવી એ કોઈ ત્યાગનું સ્વરૂપ નથી....ઉપરાંત અકર્મણ્યતા, નિરાશા, કમજોરી કે લાચારી એ પણ ત્યાગ નથી. ત્યાગનું સ્વરૂપ તો છે અહંકારમુક્ત જીવન અને સ્વાર્થપૂર્ણ વ્યવહારનો ત્યાગ.

આપણા જીવનમાં સૌથી પ્રિય અહંકાર છે, જીવનના ડગલે ને પગલે પ્રત્યેક વ્યવહારમાં અહં ભર્યો છે, ક્ષમાનું સ્વરૂપ ન જાણવાથી ક્રોધને અવકાશ મળે છે. ક્ષમા આત્માનો ગુણ છે અને ક્રોધ મનની નિર્બળતા છે. થોડું પણ પ્રતિકૂળ સાંભળવાના, જોવાના કે સહન કરવાના સમયે અહં આપણા મનને નિર્બળ બનાવી દે છે. એકવાર ક્રોધ અંતઃકરણ પર સવાર થઈ જાય પછી જીવનમાં વિવેકને સ્થાન મળતું નથી. મનુષ્યની પૂરી બુદ્ધિ, પ્રતિભા, સૂઝ, ભક્તિ, ત્યાગ-વૈરાગ્ય અને સદ્‌ભાવનાને અહં નષ્ટ-ભ્રષ્ટ કરી દે છે. સર્વગુણ સંપન્ન મનુષ્ય પર જ્યારે તે સવાર થાય છે ત્યારે તે તેની અધોગતિ કરે છે. ક્રોધ ધર્મને જ નહિ....આપણા વ્યવહારને પણ બગાડે છે.

For Private And Personal Use Only

Shree Atmanand Prakash Reg. No. GBV. 31

# આત્માની શુદ્ધિ....

शरीरेन्द्रियचित्तानां,
समीचीनोपयोगतः ।
हत्वान्तर्मलमात्मानं,
पूर्णशुद्धत्वमानय ॥

卐

* શરીર, ઇન્દ્રિયો અને ચિત્ત એ સાધનોનો સુયોગ્ય ઉપયોગ કરીને આન્તરિક દોષોને નષ્ટ કર અને એ રીતે આત્માને પૂર્ણ શુદ્ધિમાં લાવ.

卐

* Purify your soul absolutely through the removal of all the internal impurities by the right use of your body, senses and mind.

BOOK-POST

પ્રતિ,

From,
શ્રી આત્માનંદ પ્રકાશ
ઠે. શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેટ, ભાવનગર-૩૬૪૦૦૧

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર
મુદ્રક : સાધના મુદ્રણાલય, દાણાપીઠ પાછળ, ભાવનગર